Extra No. 175

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 13, 2026 / ASHADHA 21, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૧મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચજી/૯૫/૨૦૨૫/એચડી/એફઓઆર/ઈ-ફાઈલ/૮/૨૦૨૫/૨૪૫૪/એલ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

Bharatiya Nagarik Suraksha Sanhita, 2023

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જૂન, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીએચજી/૯૫/૨૦૨૫/એચડી/એફઓઆર/ઈ-ફાઈલ/૮/૨૦૨૫/૨૪૫૪/એલ-૧: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ-૨૦ની પેટા-કલમ(૧૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ફરિયાદ પક્ષના નિયામક (ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન), ફરિયાદ પક્ષના નાયબ નિયામક (ડેપ્યુટી ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન), ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક (આસિસટન્ટ ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન)ની સત્તા અને કાર્યો નિર્દિષ્ટ કરે છે:-

૧. ફરિયાદ પક્ષના નિયામક (ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન)ના કાર્યો.-

(ક) ફરિયાદ પક્ષના નિયામક (જેનો આમાં હવે પછી, "ડીઓપી (DoP)" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મુખ્યત્વે રાજ્યની ફોજદારી ન્યાયાલય સમક્ષ રાજ્ય સરકારના સરકારી વિભાગો દ્વારા શરૂ કરાયેલા ફોજદારી કેસોમાં જવાબદાર કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(ખ) ડીઓપી-એ ગુના દસ વર્ષ અથવા તેથી વધુ કેદની સજા અથવા આજીવન કેદ અથવા મૃત્યુદંડની સજાને પાત્ર હોય ત્યારે તેવા ફોજદારી કેસો પર દેખરેખ રાખવી જોઈશે અને કેસોના ઝડપી નિકાલ માટે કાર્યવાહી ઝડપી બનાવવી પણ જોઈશે.

(ગ) ડીઓપી-એ રાજ્યમાં દરેક ફોજદારી ન્યાયાલય સમક્ષ સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ની હાજરી સુનિશ્ચિત કરવી જોઈશે અને આ સંબંધમાં માર્ગદર્શિકા બહાર પાડવી જોઈશે.

(ઘ) ડીઓપી-એ ફોજદારી ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત રહેતા સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ના કાર્યનું સમયાંતરે મૂલ્યાંકન કરવું જોઈશે અને ફોજદારી વકીલો (પ્રોસેક્યૂટર્સ)ની કાર્યક્ષમતા અને ગુણવત્તા સંબંધિત રાજ્ય સરકારની ભલામણ સાથેનો સમયાંતરે રિપોર્ટ મોકલવો જોઈશે.

(ચ) ડીઓપી-એ નામદાર ઉચ્ચ ન્યાયાલય સમક્ષ રજૂ કરવાની ફોજદારી અપીલ વગેરે માટેની દરખાસ્તો, સરકારી ફોજદારી વકીલ દ્વારા મેળવવી જોઈશે અને તપાસ કર્યા પછી, અપીલ ફાઈલ કરવા માટે, તેમના અભિપ્રાય સાથે રાજ્ય સરકારને તે મોકલવી જોઈશે.

(છ) ડીઓપી-એ ફોજદારી ન્યાયાલય સમક્ષ સરકાર વતી રજૂ કરાયેલી ફોજદારી અપીલ અને ફેર-તપાસ અરજીઓ, ઠરાવેલા સમયની અંદર ફાઈલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે અને આવી કાર્યવાહીમાં સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર) /વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર) /મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ની હાજરી સુનિશ્ચિત કરવી જોઈશે.

(જ) ડીઓપી-એ રાજ્ય વતી ઉપસ્થિત રહેતા ફોજદારી વકીલોની કાર્યક્ષમતામાં સુધારો થાય અને ફોજદારી કાર્યવાહીના કામની ગુણવત્તા જળવાય તે સુનિશ્ચિત કરવું જોઈશે.

૨. પ્રોસિક્યૂશન નિયામકની સત્તા. -

(ક) ડીઓપી-એ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના અધિનિયમ ક્રમાંક: ૪૬મા) ની કલમ ૧૮ની પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા હાઈકોર્ટના સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર) (એડવોકેટ જનરલ/એડિશનલ એડવોકેટ જનરલ સિવાય) અને સદરહું અધિનિયમની કલમ ૧૮ની પેટા કલમ (૮) હેઠળ નિમાયેલા ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર) દ્વારા કરવામાં આવેલા કાર્ય સંબંધિત જરૂરી અહેવાલો અને માહિતીની માગણી કરવી જોઈશે.

(ખ) ડીઓપી-એ ફોજદારી કેસોમાં જવાબદાર ફોજદારી કાર્યવાહી સુનિશ્ચિત કરવા, ફરિયાદ પક્ષના નાયબ નિયામક (ડિપ્યુટી ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન), ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક (આસિસટન્ટ ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન) અને સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ના કામનું નિયંત્રણ કરવું જોઈશે અને તેના પર દેખરેખ રાખવી જોઈશે.

(ગ) ડીઓપી-એ ફોજદારી કાર્યવાહીની ગુણવત્તા જાળવવા માટે જરૂરી હોય તેવી ફોજદારી ન્યાયાલય સમક્ષ કાર્યવાહી યોજતા સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)ના કાર્ય સંબંધિત ફરિયાદ પક્ષના નાયબ નિયામક મારફત સામયિક અહેવાલો અને આવી માહિતીની માગણી કરવી જોઈશે.

(ઘ) ડીઓપી-એ ડિજિટલ સોફ્ટવેર દ્વારા તમામ ફોજદારી વકીલો પાસેથી દૈનિક કાર્યના અહેવાલોની માગણી કરવી જોઈશે, જેમાં ઈન્ટર-ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ સોફ્ટવેરનો પણ સમાવેશ કરવો જોઈશે.

(ચ) ડીઓપી-એ ફોજદારી વકીલો (પ્રોસિકયુટર્સ)ના કાર્યભારનું મૂલ્યાંકન કરવું જોઈશે અને સરળ કામગીરી માટે, સંસ્થાકીય અને આંતરિક સંસાધનોનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરવો જોઈશે.

(છ) ડીઓપી-એ નામદાર સર્વોચ્ય ન્યાયાલય અને નામદાર ઉચ્ચ ન્યાયાલય સમક્ષ પડતર ગંભીર ફોજદારી કેસોમાં સોલિસિટર જનરલ/એડિશનલ સોલિસિટર જનરલ/એડવોકેટ જનરલ/એડિશનલ એડવોકેટ જનરલ સાથે સંકલન કરવા રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી સાથે તેમના કોઈ તાબાના અધિકારીની નિમણૂક કરવી જોઈશે.

(જ) ડીઓપી-એ તપાસ અને ફોજદારી કાર્યવાહીમાં રહેલી વિસંગતતાની ઓળખ કરવી જોઈશે અને તેની સાથે તજવીજ કરવી જોઈશે અને રાજ્યોમાં ગુનાની ફોજદારી કાર્યવાહીમાં કાનૂની અને કાર્યપદ્ધતિવિષયક આવશ્યકતાઓનું પાલન સુનિશ્ચિત કરવું જોઈશે.

(ઝ) ડીઓપી-એ તાલીમ કાર્યક્રમોની વ્યવસ્થા કરવી જોઈશે અને રાજ્યમાં ફોજદારી કાર્યવાહીની ગુણવત્તા વધારવા માટે જરૂરી પગલાં લેવા જોઈશે.

(ટ) ડીઓપી, કાર્યવાહીના સરળ સંચાલન માટે સરકારી વિભાગો જેમ કે પોલીસ, આબકારી વિભાગ, વન વિભાગ, તોલ અને માપ વિભાગ, ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર વિભાગ વગેરે પાસેથી જરૂરી સહયોગ અને સંકલન માંગી શકશે.

(ઠ) વિભાગના વડાની ક્ષમતામાં, ડીઓપી, રાજ્ય સરકાર દ્વારા વિભાગના વડાને આપવામાં આવેલી તમામ વહીવટી અને નાણાકીય સત્તા વાપરશે.

૩. જિલ્લા નિયામક કચેરીમાં નિયુક્ત ફરિયાદ પક્ષના નાયબ નિયામકની ફરજો અને સત્તાઓ.-

(ક) ફરિયાદ પક્ષના નાયબ નિયામક (ડિપ્યુટી ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન), ફરિયાદ પક્ષના જિલ્લા નિયામકની કચેરીના વડા રહેશે અને તેઓ ફરિયાદ પક્ષના નિયામક (ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન) ને અધીન રહેશે.

(ખ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ પોલીસ અહેવાલોની તપાસ અને ખરાઇ કરવી જોઈશે અને કેસો પર દેખરેખ રાખવી જોઈશે અને ગુના સાત વર્ષ અથવા તેથી વધુ પરંતુ દસ વર્ષથી ઓછી કેદની સજાને પાત્ર હોય ત્યારે તેવા ગુનાહિત કેસોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવો જોઈશે.

(ગ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક, મુખ્યત્વે જિલ્લાના ફોજદારી ન્યાયાલયના તમામ રાજ્ય સરકારના સરકારી વિભાગો વતી શરૂ કરાયેલા ફોજદારી કેસોમાં જવાબદાર કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(ઘ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ જિલ્લા ફોજદારી ન્યાયાલય સમક્ષ સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ની હાજરી સુનિશ્ચિત કરવી જોઈશે.

(ચ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ સમયાંતરે જિલ્લાના તમામ ફોજદારી ન્યાયાલયો સમક્ષ હાજર રહેતા સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ની કામગીરીનું મૂલ્યાંકન કરવું જોઈશે અને વકીલોની કાર્યક્ષમતા અંગેનો સામયિક અહેવાલ ડીઓપીને મોકલવો જોઈશે.

(છ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ જિલ્લાના તમામ ફોજદારી ન્યાયાલય સમક્ષ પડતર ગુનાહિત કેસોની પ્રગતિ અને ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરવી જોઈશે.

(જ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ જિલ્લાના ફોજદારી ન્યાયાલય સમક્ષ સરકાર વતી રજૂ કરાયેલી ફોજદારી અપીલ અને ફેર-તપાસ અરજીઓ ઠરાવેલા સમયની અંદર ફાઇલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે અને આવી કાર્યવાહીમાં સરકારી ફોજદારી વકીલ (પબ્લિક પ્રોસિક્યૂટર)/વધારાના સરકારી ફોજદારી વકીલ (એડિશનલ પબ્લિક પ્રોસિક્યૂટર)/ખાસ સરકારી ફોજદારી વકીલ (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર)/મદદનીશ સરકારી ફોજદારી વકીલ (આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યૂટર)ની હાજરી સુનિશ્ચિત કરવી જોઈશે.

(ઝ) ફરિયાદ પક્ષના નાયબ નિયામક-એ સંબંધિત જિલ્લાના ફોજદારી ન્યાયાલયમાં રાજ્ય વતી હાજર રહેતા ફોજદારી વકીલોની કાર્યક્ષમતામાં સુધારો થાય અને ફોજદારી કાર્યવાહીની ગુણવત્તા જળવાય તે સુનિશ્ચિત કરવું જોઈશે.

૪. જિલ્લા નિયામકની કચેરીમાં નિયુક્ત ફરિયાદ પક્ષના મદદનીશ નિયામકની ફરજો અને સત્તા.-

(ક) ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક (આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ પ્રોસિક્યૂશન), જિલ્લાના મેજિસ્ટ્રેટ ન્યાયાલય (કોર્ટ) સમક્ષ રાજ્ય સરકારના સરકારી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા ફોજદારી કેસોમાં કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

(ખ) ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક-એ, ગુનો સાત વર્ષથી ઓછી કેદની સજાને પાત્ર હોય તેવા ફોજદારી કેસની જવાબદાર કાર્યવાહી અને ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવો જોઈશે.

(ગ) ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક-એ, પોલીસ અહેવાલોની તપાસ અને ચકાસણીમાં ફરિયાદ પક્ષના નાયબ નિયામકને મદદ કરવી જોઈશે અને ફરિયાદ પક્ષના નાયબ નિયામક દ્વારા તેમને સોંપવામાં આવેલી આવી ફોજદારી કાર્યવાહીમાં ઉદ્ભવતા કાનૂની મુદ્દા પર સલાહ આપવી જોઈશે અથવા નિરીક્ષણ કરવું જોઈશે.

(ઘ) સરકારી ફરિયાદ પક્ષના મદદનીશ નિયામક, ડીઓપીના સામાન્ય નિયંત્રણ હેઠળ, ફરિયાદ પક્ષના નાયબ નિયામકને અધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનિતા ઝુલા,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.25 15:37:34 IST